શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ
सा विद्या या विमुक्तये
સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઇ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૭

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય :** સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઇ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

**વેઢ્ઢઓ (વેષ્ટક)છંદ**

**આગયા વરવિમાણ, દિવ્વ કણગ રહ તુરગ પહકર સએહિં હુલિઅં;**
**સસંભમો અરણ ખુભિઅ લુલિઅ,**
**ચલકુંડલં ગયતિરીડ સોહંત મઉલિ માલા. વેઢ્ઢઓ.........૨૨**

**રયણમાલા (રત્નમાલા) છંદ**

**જંસુરસંઘા, સાસુરસંઘા વેરવિઉત્તા ભત્તિસુજુત્તા;**
**આયરભૂસિઅ સંભમપિંડિઅ, સુટ્ઠુસુવિમ્હિઅ સવ્વબલોઘા.**
**ઉત્તમ કંચણ રયણપરુવિઅ, ભાસુર ભૂસણ ભાસુરિ અંગા;**

**ગાય સમોણય ભત્તિવસાગય, પંજલિપેસિઅ સીસ પણામા.**

**રયણમાલા..૨૩**

**ખિત્તયં (ક્ષિપ્તક) છંદ**

**વંદિઉણ થોઊણ તો જિણં, તિગુણમેવ ય પુણો પયાહિણં;**
**પણમિઊણ ય જિણં સુરાસુરા, પમુઈઆ સભવણાઈ તો ગયા**

**ખિત્તયં...૨૪**

**તં મહામુણિં મહંપિ પંજલિ, રાગ દોસ ભય મોહ વજ્જિઅં;**
**દેવ દાણવ નરિંદ વંદિઅં, સંતિમુત્તમંમહાતવં નમે. ખિત્તયં...૨૫**

**શબ્દાર્થ :-**

**આગયા**-આવ્યા છે.
**વરવિમાણ**-ઉત્તમ વિમાન
**દિવ્વ**-મનોહર
**કણગરહ**-કનકના રથ
**તુરગ**-ઘોડાના
**પહકર**-સમૂહના
**સએહિં**-સેંકડોથી
**હુલિઅં**-વેગથી
**સસંભમો**-સંભ્રમથી
**અરણ**-આકાશમાં ઊતરતાં
**ખુભિઅ**-ક્ષોભ પામવાથી
**લુલિઅ**-હાલતાં ચાલતાં
**ચલકુંડલં**-ચપળ કુંડળ
**અંગય**-બાજુબંધ
**તિરીડ**-મુગટ વડે
**સોહંત**-શોભાયમાન
**મઉલિમાલા**-જેમની મસ્તકની માળા છે.
**જં**-જે ભગવાનની સમીપે
**સુરસંઘા**-દેવતાઓનો સમૂહ
**વેરવિઉત્તા**-વેર વગરના
**ભત્તિસુજુત્તા**-ભક્તિવાળા
**આયર**-આદર વડે
**ભૂસિઅ**-ભૂષિત
**સંભમ**-સંભ્રમથી
**પિંડિઅ**-એકઠા થયેલા
**સુઠ્ઠુ**-સારીરીતે
**સુવિમ્હિઅ**-વિસ્મય
**સવ્વબલોઘા**-સર્વ સેના સમૂહ
**ઉત્તમકંચણ**-ઉત્તમ સુવર્ણ
**રયણ**-રત્નોથી
**પરુવિઅ**-પ્રરુપિત
**ભાસુર**-પ્રકાશમાન
**ભૂસણ**-આભૂષણો વડે
**ભાસુરિઅંગા**-સુશોભિત અંગવાળા
**ગાય-ગાત્ર**-શરીરે
**સમોણય**-સારી રીતે નમ્ર થઇ
**ભત્તિવસાગય**-ભક્તિને વશ થઇ આવેલા.
**પંજલિ**-અંજલિ જોડી
**પેસિઅ**-કર્યાં છે

**સીસપણામા**-મસ્તકના પ્રણામ
**વંદિઉણ**-વંદના કરીને
**થોઊણ**-સ્તવીને
**તો**-તે પછી
**જિણં**-જિન ભગવાનને
**તિગુણમેવ**-ત્રણવાર
**પુણો**-ફરીને
**પયાહિણં**-પ્રદક્ષિણા
**પણમિઊણ**-પ્રણામ કરીને
**જિણં**-શ્રી શાંતિનાથને
**સુરાસુરા**-સુર અસુર દેવતાઓ
**પમુઈઆ**-હર્ષ પામતા
**સભવણાઈ**-પોતાના ભવનમાં
**તંમહામુણિં**-તે મહામુનિને
**અહંપિ**-હું પણ
**પંજલિ**-અંજલિ જોડી
**રાગ દોસ**-રાગ-દ્વેષ
**ભય મોહ**-ભય-મોહથી
**વજ્જિઅં**-વર્જિત
**દેવદાણવનરિંદ**- દેવ, દાનવ અને મનુષ્યોના ઈંદ્રોએ
**વંદિઅં**- વંદના કરેલા
**સંતિ**- શાંતિનાથ
**ઉત્તમંમહાતવં**-પ્રધાન અને મોટા તપવાળા
**નમે**-નમસ્કાર કરું છું

**ગાથાર્થ :-** ઉત્તમ વિમાનો, સુવર્ણના દિવ્ય રથો અને સેંકડો ઘોડાઓ વડે વેગથી આવેલા, સંભ્રમ સહિત આકાશમાંથી ઊતરતાં ક્ષોભ પામેલા, હાલતાં ચાલતાં ચલાયમાન કુંડલ, બાજુબંધ અનુ મુગટથી સુશોભિત મસ્તકવાળા દેવતાઓ અને અસુરોના સમૂહ ભગવાનની પાસે આવતા હતા. વેરથી મુક્ત, ભક્તિએ યુક્ત અને આદરથી સુશોભિત એવા તેમના સંભ્રમથી એકઠા થયેલા સૈન્યના સમૂહ સારી રીતે વિસ્મય પામ્યા હતા. ઉત્તમ સુવર્ણ રત્નોથી પ્રરુપેલા પ્રકાશમાન આભૂષણોથી તેમનાં અંગ પ્રકાશિત થઇ રહ્યાં, ગાત્ર નમાવી, ભક્તિને વશ રહી અને અંજલિ જોડી તેમને મસ્તકથી પ્રણામ કરતા હતા. તે પછી જિન ભગવાનને વંદના કરી, સ્તુતિ કરી, ત્રણ વાર પ્રદક્ષિણા કરી, ફરીવાર પ્રણામ કરી, તે સુર-અસુરો હર્ષિત થઇ, પોતપોતાના ભવનમાં ગયા હતા. તેવા મહામુનિ રાગ, દ્વેષ, ભય અને મોહથી વર્જિત, દેવ, દાનવ અને મનુષ્યોના ઈંદ્રોએ વંદના કરેલા એવા ઉત્તમ મોટા તપવાળા શાંતિનાથ ભગવાનને હું અંજલિ જોડી પ્રણામ કરું છું.... ૨ ૨ - ૨ ૫.

**દીવયં (દીપક) છંદ**

**અંબરંતર વિઆરણિઆહિં, લલિઅહંસ વહુગામિણિઆહિં;**
**પીણસોણિથણ સાલિણિઆહિં, સકલ કમલદલ લોઅણિઆહિં. દીવયં..૨ ૬**

**ચિત્તક્ખરા (ચિત્રાક્ષરા) છંદ**

**પીણનિરંતર થણભર વિણમિઅ ગાયલઆહિં;**
**મણિકંચણ પસિઢિલમેહલ સોહિઅ સોણિતડાહિં.**

**વરખિંખિણિ નેઉર સતિલય વલય વિભૂસણિઆહિં;**
**રઈકર ચઉર મણોહર સુંદર દંસણિઆહિં. ચિત્તક્ખરા....૨૭**

**શબ્દાર્થ :-**

**અંબરંતર** –આકાશ માર્ગમાં
**વિઆરણિઆહિં** –વિચરનારી
**લલિઅ** –સુંદર
**હંસવહુ** –હંસની સ્ત્રીઓની જેમ
**ગામિણિઆહિં** –ગમન કરનારી
**પીણ** –પુષ્ટ
**સોણિ** –કટી પ્રદેશ
**થણ** –સ્તનથી
**સાલિણિઆહિં** –શોભતી
**સકલ** –પૂર્ણ ખીલેલા
**કમલદલ** –કમળના પત્રો જેવા
**લોઅણિઆહિં** –લોચનવાળી
**પીણનિરંતર** –પુષ્ટ અને ગાઢ
**થણભર** –સ્તનના ભારથી
**વિણમિઅ** –નમેલી
**ગાયલઆહિં** –ગાત્રરૂપ લતાવાળી
**મણિકંચણ** –મણિ, સુવર્ણની
**પસિઢિલ** –ઘણી શિથિલ
**મેહલ** –કટિમેખલાથી
**સોહિઅ** –શોભાયમાન
**સોણિતડાહિં** –કટી પ્રદેશવાળી
**વર** –શ્રેષ્ઠ
**ખિંખિણિ** –ઘુઘરી
**નેઉર** –નૂપુર
**સતિલય** –મનોહર તિલક
**વલય** –કંકણથી
**વિભૂસણિઆહિં** –વિભૂષિત
**રઈકર** –પ્રીતિને કરનારા
**સુંદર** –સુંદર
**ચઉરમણોહર** –ચતુર પુરુષના મનને હરનારા
**દંસણિઆહિં** –જેમનું દર્શન છે

**ગાથાર્થ :-** આકાશમાં વિચરનારી, સુંદર હંસલીઓ જેવા ગમનવાળી, પુષ્ટ, કટી ભાગ અને સ્તનથી સુશોભિત, પૂર્ણ ખીલેલા કમળના પત્ર જેવા નેત્રવાળી, પુષ્ટ અને ગાઢ સ્તનોથી જેમના ગાત્રની લતાઓ નમેલી છે એવી, મણિ તથા સુવર્ણની શિથિલ મેખલાથી જેમના કટી પ્રદેશ સુશોભિત છે એવી, ઉત્તમ ઘુઘરીઓવાળાં ઝાંઝર, તિલક અને કંકણથી સુશોભિત એવી અને પ્રીતિને કરનારું તથા ચતુર પુરુષોના મનને હરનારું જેમનું સુંદર દર્શન છે એવી;....૨૬-૨૭



# શ્રી ગણધરવાદ (ચાલુ)

## આઠમાગણધર શ્રી અકંપિતસ્વામી

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

આર્યાવર્ત ભારતની મિથિલા નગરી ઘણાં વર્ષોથી વિદ્વાર્નોની ખાણ તરીકે પ્રસિદ્ધ છે. સેંકડો વર્ષોથી આ નગરીમાં સંસ્કૃતના તથા ન્યાય-દર્શન આદિ શાસ્ત્રોના ધુરંધર વિદ્વાનો તૈયાર થયા છે. અને આજે પણ અનેક પંડિતો આ ભૂમિમાંથી તૈયાર થાય છે. અઢી હજાર વર્ષો પૂર્વે ગૌતમગોત્રના બ્રાહ્મણ શ્રેષ્ઠ દેવશર્મા મિથિલામાં રહેતા હતા. જયંતિની સાથેના લગ્ન પછી સંસારસુખ ભોગવતા તેમણે એક તેજસ્વી બાલકને જન્મ આપ્યો હતો. તેનું નામ અકંપિત રાખવામાં આવ્યું હતું ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મેલા આ કુમારનું પુરૂં નામ -અકંપિત દેવશર્મા ગૌતમ હતું. વેદાભ્યાસ ને સહજ સુલભ એવા બ્રાહ્મણ કુલમાં અકંપિતે વેદ -વેદાન્ત-ન્યાય-દર્શન-તથા સ્વ-પર શાસ્ત્રોનો અભ્યાસ કરીને પાંડિત્ય સંપાદન કર્યું. પ્રખર વિદ્વાન થયા. વાદ કલામાં નિપુણ સિદ્ધ થયા. અનેકોને અધ્યાપન કરાવતા અધ્યાપક તરીકેના વ્યવસાયમાં તેમને ૩૦૦ શિષ્યો થયા હતા. કર્મકાંડી અને ચતુર્વેદી તરીકે તેમની પ્રસિદ્ધિ હતી.

કરેલા પાપની સજા પ્રમાણે જીવ નરકમાં જાય છે અને નારકી થઈને દુઃખો ભોગવે છે વગેરે વાતમાં તેને શ્રદ્ધા નહોતી. એટલે નારકી અને નરક છે કે નહીં આ વાતની આ મહાન વિદ્વાનના મનમાં શંકા હતી. કારણ આ નરકગતિ અહીંયા પ્રત્યક્ષ નજરે તો દેખાતી નથી. એટલે શંકાને સ્થાન હતું.

પછી અકંપિત પંડિત પોતાના ત્રણસો વિદ્યાર્થી શિષ્યો સહિત પ્રભુ પાસે આવ્યા. ત્યારે પ્રભુએ તેને કહ્યું કે, ''હે અકંપિત !'' **ન હવૈ પ્રેત્યનરકે નારકા : સન્તિ''** આ વેદ વાક્યનો તું એવો અર્થ કરે છે કે- કોઈ પણ જીવ મરીને પરભવમાં નારકી થતો નથી કારણ કે પરલોકમાં નરકને વિષે નારકી જીવો નથી. આથી તને નરકના અસ્તિત્વ વિષે શંકા થઈ છે. પરંતુ, તું, વિચાર કર કે, **''નારકો વૈ એષ જાયતેયઃ શુદ્રાન્નમશ્નાતિ''** આ વેદ વાક્યનો અર્થ શો છે ? કે -જે બ્રાહ્મણ શુદ્ર જાતિના માણસનું અન્ન ખાય છે તે નારકી થાય છે. એ વેદપદો નરકના અસ્તિત્વને સૂચવનાર છે. એટલે તારી શંકા બરાબર નથી. કારણ કે, **''ન હવૈ પ્રેત્ય નરકે નારકા સન્તિ''** એ વેદપદોનો અર્થ પણ એ છે કે પરલોકમાં નરકને વિષે નારકીઓ નથી. એટલે પરલોકમાં નારકીઓ શાશ્વતા નથી. એટલે જેઓ ઉત્કૃષ્ટ પાપ કરે છે તે નારકી થાય છે. પરંતુ તેઓ ત્યાં શાશ્વતા રહેતા નથી. નરકનું આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી બીજી ગતિમાં જાય છે, પરંતુ નારકી જીવો મરીને બીજે જ ભવે નારકી થતા નથી. એટલે નારકી પછી તરતના પરલોકમાં તે નારકી થતા નથી, પણ બીજા ભવમાં જાય એથી તારે નારકીનો અભાવ સમજવો નહીં. આ પ્રમાણે

વીરપ્રભુનાં વચનો સાંભળી સંશય નાશ પામવાથી પોતાના ત્રણસો વિદ્યાર્થી શિષ્યો સહિત વિનીત ભાવે વીરપ્રભુના ચરણોમાં નમી પડીને પ્રતિબોધ પામેલા તે અકંપિત વિદ્વાને પ્રભુ પાસે દીક્ષા લઇ પ્રભુનો શિષ્ય થઇને પ્રભુ પાસેથી ત્રિપદી પામી દ્વાદશાંગીની રચના કરી.

સર્વજ્ઞ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુ પાસે પોતાની શંકાનું સમાધાન કારક ઉત્તર મેળવ્યું વેદપદોના સાચા અર્થ સમજ્યા અને તુરંત જીવન સમર્પિત કરી ને જૈનત્વની દીક્ષા અંગીકાર કરી. ૩૦૦ શિષ્યો સાથે સાધુ બન્યા. ૪૮ વર્ષનો ગૃહસ્થાશ્રમ પૂરો કરી સાચા અણગાર બન્યા. વીરપ્રભુ પાસેથી ત્રિપદી પામી. દ્વાદશાંગીની રચના કરી. ચૌદપૂર્વી બન્યા.

ચારિત્ર પર્યાયમાં ૩૦ વર્ષ રહ્યા અને તેમાં પણ ૯ વર્ષ છદ્મસ્થવસ્થામાં રહીને ઉંમરના ૫૭ માં વર્ષે ચાર ઘનઘાતી કર્મોના ક્ષયકરી ક્ષપક શ્રેણી માંડીને કેવળજ્ઞાન પામ્યા. સર્વજ્ઞ સર્વદર્શી બન્યા અને ૨૧ વર્ષ સુધી કેવળજ્ઞાની તરીકે આ પૃથ્વીતલ ઉપર વિચરી અનેક ભવ્યાત્માઓને તાર્યા. વીર પ્રભુના અગીયારે ગણધરોમાં સહુથી વધુ કેવળીપર્યાય ૨૧ વર્ષનો અકંપિત સ્વામીનો છે. આટલા વર્ષ બીજા કોઇ ગણધર કેવળી તરીકે રહ્યા નથી.

પોતાની ૭૮ વર્ષની અંતિમ ઉંમરે તેઓ ૩૦૦ શિષ્યો સાથે રાજગૃહી પધાર્યા અને અંતિમ ૧ માસના નિર્જલ ઉપવાસની સંલેષણા પૂર્વક તેઓશ્રી પાદપોપગમન અનશન કરી ભગવાન મહાવીરની હયાતીમાં સંસારનો અન્તકરી નિર્વાણપદ પામ્યા મોક્ષે સિધાવ્યા. સદાને માટે શાશ્વતધામમાં બિરાજમાન થયા.




**ગતિ નામકર્મ**

# (લઘુ સંગ્રહણી) જૈન ભૂગોળ

– આ. હરિભદ્રસૂરિ મ.

આપણે પર્વતના શિખરરૂપી ગિરિકૂટોની ગણત્રી કરી. જંબૂદ્વીપમાં ક્યાં ક્યાં કેટલા ગિરિકૂટો છે તે જાણીને હવે આપણે જંબૂદ્વીપના ભૂમિકૂટોનો અભ્યાસ કરીશું.

ગિરિકૂટ એટલે પર્વતના ઉપરના શિખર. ભૂમિકૂટ નામ પ્રમાણે જ આ શિખરો પર્વતો ઉપર નથી પરંતુ સામાન્ય જમીન ઉપર જ હોય છે. ભૂમિ એટલે જમીન અને કૂટ એટલે શિખર તેથી ભૂમિકૂટ એટલે જમીન ઉપરના શિખર.

**चउतीसं विजएसुं उसहकूडा अट्ठ मेरु जंबुम्मि ।**
**अट्ठ य देवकुराए, हरिकूड हरिस्सहे सट्ठी ।। १७ ।।**

ચોત્રીસ વિજયોમાં ચોત્રીસ ઋષભકૂટો, મેરુ અને જંબૂવૃક્ષ ઉપર આઠ કૂટો છે, દેવકુરૂમાં આઠ કૂટો છે તથા હરિકૂટ અને હરિસહ કૂટ (એમ કુલ) સાઈઠ કૂટો થાય છે.

૩૨ મહાવિદેહની વિજય તથા ભરત-ઐરાવતની એક એકએમ ચોત્રીસ વિજયમાં **૩૪** કૂટો છે.

મેરુપર્વતની તળેટીમાં **આઠ** કરિકૂટો છે.

જંબૂવૃક્ષ ઉપર **આઠ** જંબૂકૂટો છે.

દેવકુરૂ ક્ષેત્રમાં શાલ્મલિ વૃક્ષ ઉપર **આઠ** શાલ્મલિ કૂટો છે.

હરિકૂટ અને હરિસ્સહકૂટ આ **બે** કૂટો વિદ્યુત્પ્રભ અને માલ્યવંત ગજદંતના નવકૂટોમાં આવી ગયેલા છે. તે પર્વત ઉપર હોવાથી તેમની ગણત્રી ગિરિકૂટોમાં થયેલી છે છતાં તે ૨૫૦-૨૫૦ યોજન આધાર વિના (અદ્ધર) રહેલા હોવાથી ભૂમિકૂટમાં પણ એમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૩૪ +૮+૮+૮+૨ = ૬૦

જો હરિકૂટ અને હરિસ્સહકૂટને સાથે ન ગણીએ તો ૫૮ ભૂમિકૂટો થાય છે.

**ઋષભકૂટ :-** પ્રત્યેક વિજયમાં ૬ ખંડ હોય છે. એમાંથી ચોથા ખંડમાં ઋષભકૂટ હોય છે. પ્રત્યેક વિજયમાં સામસામે ઉપરથી નિકળતી બે મુખ્ય નદીઓ (આપણે ત્યાં ગંગા-સિંધુ) જ્યાં પોતાના પ્રપાત કુંડોમાં પડીને વળાંક ખાય છે. ત્યાં તે પ્રપાતની વચ્ચે ઋષભકૂટ હોય છે. આ ઋષભકૂટ ઉપર ઋષભ નામનો અધિષ્ઠાયક દેવ રહે છે. ચક્રવર્તી જ્યારે ૬ ખંડ જીતવા નિકળે છે ત્યારે ચોથા ખંડને જીતી ઋષભકૂટને પોતાના રથની અણીથી ત્રણ વખત સ્પર્શ કરે છે અને કાકીણી રત્નથી પોતાનું નામ પૂર્વદિશામાં

લખે છે.

**કરિકૂટ :-** આ કરિકૂટ, હસ્તિકૂટ અને દિગ્ગજકૂટના નામે પણ ઓળખાય છે. કરિ-ગજ-હસ્તિ આ બધા હાથીના પર્યાયવાચી શબ્દો છે. આ કૂટો હાથીના આકારના હોવાથી એમના આવા નામ છે. મેરુ પર્વતની તલાટિમાં હોવાથી મેરુકૂટ તરીકે પણ જાણીતાં છે. મેરુ પર્વતની તળેટીમાં ભદ્રશાળા નામનું વન છે. આ ભદ્રશાળા વનના મધ્યમાં ૪ દિશા અને ૪ વિદિશાના વચ્ચેના આઠ આંતરામાં આઠ હાથીના આકારના આ ભૂમિકૂટો છે. એના ઉપર દેવભવન છે.

**જંબૂકૂટ :-** જંબૂદ્વીપના અધિષ્ઠાયિક અનાદત દેવ નાના - મોટા જંબૂ વૃક્ષોથી ઘેરાયેલા (પરિવરેલા) મહાન જંબૂવૃક્ષ ઉપર નિવાસ કરે છે. આ જંબૂવૃક્ષ ઉત્તરકુરુ ક્ષેત્રમાં છે. આ જંબૂવૃક્ષના ફરતાં ત્રણ વનો છે. આ ત્રણમાંથી પહેલા વનમાં આઠ વિદિશાઓમાં જાંબૂનદ સુવર્ણમય ઋષભકૂટ જેવા આઠ ભૂમિકૂટો છે. આ ભૂમિકૂટો ઉપર એક એક સિદ્ધાયતન (શાશ્વત ચૈત્ય) આ સિદ્ધાયતન ૧ ગાઉ લાંબા, અડધા ગાઉ વિસ્તારવાળા અને એક ગાઉથી કાંઇક ઓછી ઉંચાઇવાળા છે.

**શાલ્મલિકૂટ :-** જંબૂકૂટ જેવા જ આ આઠ કૂટો દેવકુરુ ક્ષેત્રમાં શાલ્મલિ વૃક્ષના પ્રથમ વનમાં છે. તે ગરૂડવેગ દેવના નિવાસસ્થાન છે. તે રૂપાના બનેલા છે.

# તીર્થ

અટ્ઠાવન અથવા સાંઇઠ ભૂમિકૂટોને જાણ્યા પછી હવે આપણે જંબૂદ્વીપનાતીર્થોનો પરિચય કરીશું.

તીર્થ શબ્દના અનેક અર્થો થાય છે. પૂજનિક વ્યકિત, પવિત્ર ક્ષેત્ર, તારક યાત્રાધામ, જળાશય, ધાર્મિક સંસ્થા, નદીઓનું સંગમ સ્થળ, ચતુર્વિધ શ્રી સંઘ, પ્રથમ ગણધર તથા જળાશયમાં ઉતરવાનો ઓવારો અથવા ઢાળ એવા તીર્થ શબ્દના અનેક અર્થ થાય છે. અહીં આમાંથી છેલ્લો અર્થ એટલે પાણીમાં ઉતરવાનો ઢાળ એવો અર્થ કરવામાં આવ્યો છે.

આવા તીર્થો જંબૂદ્વીપમાં ક્યાં ક્યાં છે તથા કેટલા છે ? તેને આપણે જાણીશું -

**मागह वरदाम पभास - तित्थ विजयेसु एरवयभरहे ।**
**चउतीसा तीहिं गुणिया, दुरुत्तरसयं तु तित्थाणं ।। १८ ।।**

બત્રીસ વિજયોમાં, ઐરાવતક્ષેત્ર અને ભરત ક્ષેત્રમાં માગધ, વરદામ અને પ્રભાસ તીર્થ છે. ચોત્રીસને ત્રણથી ગુણકાર કરતાં કુલ ૧૦૨ તીર્થો થાય છે.

ભરત ક્ષેત્રમાંથી લવણ સમુદ્રમાં ઉતરવું હોય તો લવણ સમુદ્ર પ્રવેશના ત્રણ સ્થાન છે. જેના નામ માગધ... વરદામ અને પ્રભાસ છે. લવણ સમુદ્રના કિનારાથી ૧૨ યોજન અંદર પાણીમાં માગધ... વરદામ... અને પ્રભાસ નામના દ્વીપ છે જેમાં આ ત્રણે તીર્થોના અધિષ્ઠાયક દેવોની રાજધાની છે.

ચક્રવર્તી છ ખંડ સાધે ત્યારે આ ત્રણે દ્વીપને પણ સાધે છે. પ્રથમ એ માગધ તીર્થ પાસે પડાવ નાંખી

અટ્ઠમ તપની આરાધના કરે છે પછી ચાર ઘોડાના રથમાં બેસીને પાણીમાં જઇ શકાય. ત્યાં સુધી જાય છે પછી પોતાના નામવાળું બાણ એ માગધદ્વીપ તરફ છોડે છે. બાણ માગધ તીર્થના અધિપતિની દેવસભામાં જઇને પડે છે. પ્રથમ તો તીર્થાધિપતિ કોપાયમાન થાય છે પરંતુ ચક્રવર્તીનું નામ વાંચી શાંત થઇ બાણ અને ભેટણું લઇને ચક્રવર્તી પાસે જાય છે. હાથ જોડી ચક્રવર્તીની આજ્ઞા સ્વીકારતાં જણાવે છે કે - ''હું આપના ક્ષેત્રમાં રહેનારો દેવ છું. તમારી આજ્ઞામાં છું... તમારી આજ્ઞા શિરોમાન્ય છે.'' ચક્રવર્તી સ્વયંની આજ્ઞા સ્થાપી સસન્માન દેવને વિદાય આપે છે. આવી જ રીતે અન્ય બે તીર્થમાં પણ પોતાની આજ્ઞા સ્થાપે છે. આવા પ્રકારે એક ભરત, એક ઐરાવત અને મહાવિદેહની ૩૨ વિજય એ ૩૪ ક્ષેત્રોમાં પ્રત્યેક ત્રણ તીર્થ એમ કુલ ૩૪ × ૩ = ૧૦૨ તીર્થો જંબૂદ્વીપમાં છે.

## શ્રેણિઓ

ક્ષેત્રો, પર્વતો, શિખરો, ભૂમિકૂટો,તીર્થો વિગેરેની જાણકારી મેળવ્યાબાદ હવે શ્રેણિઓની જાણકારી મેળવવાની છે. અહીં શ્રેણિ એટલે નગરની પંક્તિ એટલે એકજ લાઇનમાં રહેલો નગરોનો સમુહ સમજવાનો છે.

**विज्ञाहर-अभिओगिय, सेढीओ दुन्नि दुन्नि वेयड्ढे ।**
**इय चउगुण चउतीसा, छत्तीससयं तु सेढीणं ।। १९ ।।**

વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધર મનુષ્યોની તથા આભિયોગિક દેવોની બે-બે શ્રેણિઓ છે. એમ ચોંત્રીસને ચારથી ગુણતાં (૩૪ × ૪) કુલ એકસો છત્રીસ શ્રેણિઓ થાય છે.

પર્વતોના પરિચય અંતર્ગત આપણે જાણીએ છીએ કે જંબૂદ્વીપમાં ચોંત્રીસ દીર્ઘ વૈતાઢ્ય પર્વત છે. એક ભરત ક્ષેત્રમાં, એક ઐરાવત ક્ષેત્રમાં અને ૩૨ મહાવિદેહની ૩૨ વિજયોમાં હવે આ ચોંત્રીસ પર્વતો ઉપર વિદ્યાધરમનુષ્યોની અને આભિયોગિક દેવોની બે-બે શ્રેણિઓ છે. એમ એક વૈતાઢ્ય ઉપર ચાર શ્રેણિઓ અને ૩૪ વૈતાઢ્ય ઉપર ૧૩૨ શ્રેણિઓ છે.

### વિદ્યાધર મનુષ્યોની શ્રેણિઓ -

દરેક વૈતાઢ્ય પર્વતની રચના એવી છે કે આપણે વૈતાઢ્ય પર્વત ઉપર દસ યોજન જઇએ એટલે ૧૦ યોજન પહોળી અને ઉત્તર-દક્ષિણ દિશામાં વૈતાઢ્ય પર્વત જેટલી જ લાંબી બે મેખલા આવે છે. મેખલા એટલે સપાટ પ્રદેશ. એક ઉત્તર તરફ બીજી દક્ષિણ તરફ. ઉત્તર તરફની મેખલા ઉપર રથનુપૂર વિગેરે ૬૦ શહેરો છે. દક્ષિણ તરફની મેખલા ઉપર ગગનવલ્લભ વિગેરે ૫૦ શહેરો છે. ભરતક્ષેત્ર માટે છે.

ઐરાવત ક્ષેત્રમાં ઉત્તર તરફની મેખલાપર ૫૦ અને દક્ષિણ તરફથી મેખલાપર ૬૦ શહેરો હોય છે.

જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં બન્ને તરફ ૫૫-૫૫ શહેરો હોય છે.

તેથી કુલ ૩૪ વૈતાઢ્ય ઉપર ૬૮ વિદ્યાધર મનુષ્યની શ્રેણિઓ છે. કુલ નગરોની સંખ્યા નીચે

પ્રમાણે છે.

ભરત ક્ષેત્ર- ૧ વૈતાઢ્ય × ૨ શ્રેણિઓના ૧૧૦ નગર (૫૦+૬૦) = ૧૧૦

ઐરાવત ક્ષેત્ર - ૧ વૈતાઢ્ય × ૨ શ્રેણિઓના૧૧૦નગર (૬૦+૫૦) = + ૧૧૦

મહાવિદેહ ક્ષેત્ર - ૩૨ વૈતાઢ્ય શ્રેણિઓ ૧૧૦ નગર (૫૫+૫૫)× ૩૨ = + ૩૫૨૦

**૩૭૪૦**

આ નગરમાં સોળ વિદ્યાદેવીઓની સહાયતાથી પોતાની ઇચ્છા પ્રમાણે કામ કરાવનાર તથા અનેક વિદ્યાઓને ધારણ કરનારા વિદ્યાધર જાતિના મનુષ્યો રહે છે. આ નગરોની આજુબાજુ અનેક નાના ગામડાઓ પણ હોય છે.

## જંબૂદ્વીપ



# કર્મ વિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)
આ. દેવેન્દ્રસૂરિ મ.

## નામ કર્મ (ચાલુ...)

**इअ सत्तट्ठी बंधोदए य, न य सम्म–मीसया बंधे ।**
**बंधुदए सत्ताए, वीस – दु वीसट्ठ – वण्ण सयं ।।३२।।**

ગાથાર્થ - એ પ્રામણે સડસઠ પ્રકૃતિઓ બંધ -ઉદય-ઉદીરણામાં હોય. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધમાં ન જ હોય. એટલે બંધ -ઉદય અને સત્તામાં અનુક્રમે વીશ-બાવીશ અને અઠ્ઠાવન સાથે સો હોય.

નામ કર્મની ઉપર જણાવેલ સડસઠ પ્રકૃતિઓ બંધ -ઉદય અને ઉદીરણામાં હોય છે.

સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ બે પ્રકૃતિઓ બંધે ન હોય કારણ કે જીવ બાંધે તો મિથ્યાત્વ મોહનીય જ એના દળિયા વિશુદ્ધ અને અર્ધ વિશુદ્ધ થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય કહેવાય છે. માટે મોહનીયની કુલ ૨૮ પ્રકૃતિ છે. છતાં બંધમાં ૨૬ જ હોય છે.

તેથી મોહનીયની ૨૬ નામકર્મની ૬૭ તથા બીજા છ કર્મની ૨૭ (૨૬+૬૭+૨૭ =૧૨૦) એવી રીતે ૮ કર્મની કુલ ૧૨૦ પ્રકૃતિ બંધે હોય છે.

મોહનીયની ૨૮, નામકર્મની ૬૭ શેષ છ કર્મની ૨૭ એમ કુલ (૨૮+૬૭+૨૭ = ૧૨૨) આઠ કર્મની ૧૨૨ પ્રકૃતિ ઉદય અને ઉદીરણાએ હોય છે.

મોહનીયની ૨૮, નામકર્મની ૧૦૩, શેષ છ કર્મની ૨૭ એમ (૨૮+૧૦૩+૨૭ = ૧૫૮) આઠ કર્મની કુલ ૧૫૮ પ્રકૃતિ સત્તાએ હોય છે.

## પિંડ પ્રકૃતિના ૬૫ ઉત્તર ભેદોના નામ અને વ્યાખ્યાઓ.

### ગતિનામ કર્મ

**निरय–तिरि–नर–सुर–गइ इग–बिअ–तिअ–चउ–पणिंदि–जाईओ ।**
**ओराल–विउव्वा–ऽऽहारग–तेअ कम्मण पण–सरीरा ।।३३।।**

ગાથાર્થ :- નરક, તિર્યંચ,મનુષ્ય અને દેવ ગતિઓ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને પંચેન્દ્રિય જાતિઓ, ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીરો

**'' गमनम् = गति: ''**

જગતમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના સંજોગોથી ગુંથાયેલી કુદરત અનેક પ્રકારની હોય છે. પરંતુ

આત્માને કોઇપણ કર્મ ભોગવવા માટે કોઇ એક કુદરતી ઘટનાનો આશ્રય લેવો પડે છે. એ કુદરતી ઘટનાને ગતિ કહેવાય છે. એક એક ગતિમાં લઇ જનાર એક ચોક્કસ કર્મ હોય છે. તે કર્મથી તે જ ગતિમાં જવાય છે.

ગતિ ચાર છે તેથી તેમાં લઇ જનાર કર્મ પણ ચાર છે. (પાના નં. ૬)

**૧. નરકગતિ નામકર્મ :-** નરક ગતિમાં લઇ જનાર કર્મ તે - **નરકગતિ કર્મ.**

**૨. તિર્યંચગતિ નામ કર્મ :-** તિર્યંચ ગતિમાં લઇ જનાર કર્મ તે- **તિર્યંચ ગતિ નામ કર્મ.**

**૩. મનુષ્ય ગતિ નામ કર્મ :-** મનુષ્ય ગતિમાં લઇ જનાર કર્મ તે - **મનુષ્યગતિ નામ કર્મ.**

**૪. દેવગતિ નામ કર્મ :-** દેવ ગતિમાં લઇ જનાર કર્મ તે - **દેવગતિ નામ કર્મ.**

ગતિ પામવા છતાં કઇ ગતિમાં ક્યા સ્થાનમાં ? કેવા શરીરાદિમાં ઉત્પન્ન થવું તે બાજી આપણા હાથમાં નથી. તે પણ કર્મસત્તા જ નક્કી કરે છે. એ ગતિના ક્યા પેટા વિભાગમાં ઉત્પન્ન થવું તે નક્કી કરનાર કર્મ છે **જાતિ નામ કર્મ**. જાતિનામ કર્મના પાંચ ભેદ છે.

## **જાતિ નામ કર્મ** (જા. ના. કર્મ)

| એકેન્દ્રિય જા.ના.કર્મ | બેઇન્દ્રિય જા.ના.કર્મ | તેઇન્દ્રિય જા.ના.કર્મ | ચઉરિન્દ્રિય જા.ના.કર્મ | પંચેન્દ્રિય જા.ના.કર્મ |
|---|---|---|---|---|

એકેન્દ્રિય અને તેની કોઇપણ ચોક્કસ જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી. એકેન્દ્રિય અને તેની કોઇ પણ પેટા જાતિના નામથી જીવને વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **એકેન્દ્રિય જાતિનામ કર્મ.** પૃથ્વીકાય-અપકાય-તેઉકાય એકેન્દ્રિય જાતિનામ કર્મ.

બેઇન્દ્રિય અને તેની કોઇપણ ચોક્કસ જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી બેઇન્દ્રિય અને તેના કોઇ પણ પેટા જાતિના નામથી જીવને વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **બેઇન્દ્રિય જાતિનામ કર્મ.**

તેઇન્દ્રિય અને તેની કોઇપણ ચોક્કસ પેટા જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી તેઇન્દ્રિય અને તેની કોઇપણ પેટા જાતિના નામથી જીવને વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **તેઇન્દ્રિય જાતિ-નામ કર્મ.**

ચઉરિન્દ્રિય અને તેની કોઇ પણ ચોક્કસ પેટા જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી ચઉરિન્દ્રિય અને તેની કોઇ પણ પેટા જાતિના નામથી જીવન વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **ચઉરિન્દ્રિય જાતિ નામ કર્મ.**

પંચેન્દ્રિય અને તેની કોઇ પણ ચોક્કસ પેટા જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી પંચેન્દ્રિય અને તેની કોઇ પણ પેટા જાતિના નામથી જીવન વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **પંચેન્દ્રિય જાતિ નામ કર્મ.** ગજ-અશ્વ-સિંહ-કોયલ-ચકલી પંચેન્દ્રિય જાતિ નામ કર્મ.

**જાતિ નામ કર્મ કોઇ પણ જીવને ઇન્દ્રિય આપતું નથી. દ્રવ્યેન્દ્રિય તો શરીર નામકર્મ, અંગોપાંગ નામ કર્મ, ઇન્દ્રિય પર્યાપ્તિ નામ કર્મ, વિગેરે નામ કર્મની સહાયથી થાય છે. ભાવ -ઇન્દ્રિય મતિજ્ઞાનના ક્ષયોપશમથી થાય છે.**

--------------

# શરીર નામકર્મ.

''**शीर्यते तच्छरीरम्**'' પ્રતિક્ષણે પુદ્‌ગલને ઉપચયે- અપચયે કરીને વધે-ઘટે તે શરીર.

શરીર નામ કર્મના પાંચ પ્રકાર છે.

**શરીર નામ કર્મ**

- ઔદારિક શરીર નામકર્મ
- વૈક્રિયશરીર નામકર્મ
- આહારક શરીર નામકર્મ
- તૈજસશરીર નામકર્મ
- કાર્મણશરીર નામકર્મ

**ઔદારિક શરીર નામકર્મ :-** ઔદારિક શરીરની અવગાહના અન્ય શરીરો કરતાં મોટી છે... આજ શરીરથી મોક્ષમાં જવાય છે.... તીર્થંકર-ગણધર આજ શરીરને ધારણ કરે છે... બીજી વર્ગણાઓ કરતા એની વર્ગણા સ્થુલ છે... તેથી આ શરીર **'ઉદાર'** કહેવાય છે તેથી આ શરીર ઔદારિક કહેવાય છે.

ઔદારિક શરીર બનાવવા માટે જોઇતી ઔદારિક વર્ગણા અપાવનાર કર્મ તે **ઔદારિક શરીર નામ કર્મ.**

**વૈક્રિય શરીર નામકર્મ :-** નાનામાંથી મોટું થાય.. મોટામાંથી નાનું થાય... એકમાંથી અનેક થાય... અનેકમાંથી એક થાય... એવી વિવિધ ક્રિયાઓને કરે તે **વૈક્રિય શરીર.**

વૈક્રિય શરીર બનાવવા માટે જોઇતી વૈક્રિય વર્ગણા અપાવનાર કર્મ તે **વૈક્રિય શરીર નામ કર્મ.**

વૈક્રિય શરીર દેવ-નારક-તેમજ લબ્ધિવંત માનવ અને તિર્યંચ તથા વાયુકાયને હોય છે.

**આહારક શરીર નામ કર્મ :-** આહારક વર્ગણાના પુદ્‌ગલોથી બનેલું હોય છે. આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર તીર્થંકર પરમાત્માની ઋદ્ધિ જોવા અથવા તો સંશય પૂછવા બનાવે છે. મુઠ્ઠીવાળેલા હાથ પ્રમાણવાળું હોય છે. અતિ નિર્મળ-સ્ફટિક જેવું આ શરીર કોઇને દેખાય કોઇને ન દેખાય.

આહાર શરીર બનાવવા માટે જોઇતી આહારક વર્ગણા અપાવનાર કર્મ તે **આહારક શરીર નામ કર્મ**

**તૈજસ શરીર નામકર્મ :-** તેજના પુદ્‌ગલોથી બનેલું તૈજસ શરીર છે. તૈજસ શરીર આંખે જોઇ શકાતું નથી. અદશ્ય છે. આપણે લીધેલા આહારને પચાવવાનું કામ તૈજસ શરીર કરે છે. આ શરીર દ્વારા જ લબ્ધિવંત તૈજસ લેશ્યા મૂકી શકે છે.

તૈજસ શરીર બનાવવા માટે જોઇતી તૈજસ વર્ગણા અપાવનાર કર્મ તે **તૈજસ નામકર્મ.**

**કાર્મણ શરીર નામકર્મ :-** કર્મ પુદ્‌ગલોથી ઉત્પન્ન થયું તેથી તે કાર્મણ શરીર કહેવાયું. આ શરીર પણ જો ઇ શકાતું નથી. અદશ્ય છે. પરંતુ તેના પરિણામ આપણે ક્ષણે ક્ષણે અનુભવીએ છીએ.

જે કર્મના ઉદયથી જીવ કર્મ પુદ્‌ગલ ગ્રહણ કરીને તે રૂપપણે પરિણમાવે છે. તે **કાર્મણ શરીર નામકર્મ.**

## અંગોપાંગ નામકર્મ

बाहुरु-पिट्ठी-सिर-उर उयरंग, उवंग अंगुली-पमुहा ।
सेसा अगोवंगा पढम तणुतिगस्सुवंगाणि ।।૩૪।।

ગાથાર્થ :-હાથ, સાથળ, પીઠ, મસ્તક, છાતી, પેટ અંગો, આંગળી વગેરે ઉપાંગો અને બાકીના અંગોપાંગો સમજવા. પ્રથમ ત્રણ શરીરને ઉપાંગો વિગેરે હોય છે.

**શરીરના મુખ્ય અવયવને અંગ કહેવાય છે.**

શરીરના આઠ અંગ કહેવાય છે તે આ પ્રમાણે-

ભુજા (હાથ) - ૨
સાથળ (પગ) - ૨
પીઠ - ૧
મસ્તક - ૧
છાતી (હૃદય) -૧
ઉદર (પેટ) - ૧

**અંગના પેટા અવયવ તે ઉપાંગ કહેવાય છે.**
દા. ત. : હાથ અંગ છે આંગળીઓ ઉપાંગ છે.
પગ અંગ છે આંગળીઓ ઢીંચણ ઉપાંગ છે.
પીઠ અંગ છે. મણકાઓ ઉપાંગ છે.
મસ્તક અંગ છે. નાક, કાન ઉપાંગ છે.

**ઉપાંગના પેટા અવયવ અંગોપાંગ કહેવાય છે.** દા. ત. નખ, કેશ, રેખા, વેઢા

અંગ, ઉપાંગ અને અંગોપાંગ ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરીરને જ હોય છે. તૈજસ અને કાર્મણ શરીરને નથી હોતા. કારણ તેનો કોઇ આકાર નથી.

આ અંગોપાંગને આપનાર કર્મ અંગોપાંગ નામ કર્મ કહેવાય છે.

જે કર્મના ઉદયથી ઔદારિક શરીરરૂપે પરિણામ પામેલ પુદ્ગલોમાંથી ઔદરિક શરીર યોગ્ય અંગ-ઉપાંગ અને અંગોપાંગના સ્પષ્ટ વિભાગ રૂપે પરિણામ થાય તે **ઔદારિક અંગોપાંગ નામકર્મ છે.**

જે કર્મના ઉદયથી વૈક્રિય શરીરરૂપે પરિણામ પામેલ પુદ્ગલોમાંથી વૈક્રિય શરીર યોગ્ય અંગ-ઉપાંગ અને અંગોપાંગના સ્પષ્ટ વિભાગ રૂપે પરિણામ થાય તે **વૈક્રિય અંગોપાંગ નામકર્મ છે.**

જે કર્મના ઉદયથી આહારક શરીરરૂપે પરિણામ પામેલ પુદ્ગલોમાંથી આહારક શરીર યોગ્ય અંગ-ઉપાંગ અને અંગોપાંગના સ્પષ્ટ વિભાગ રૂપે પરિણામ થાય તે **આહારક અંગોપાંગ નામકર્મ છે.**

## બંધન નામકર્મ

उरला ऽऽ इ पुग्गलाणं निबद्ध-बज्झंतयाण संबंधं ।
जं कुणाइ जउ-समं तं बंधण मुरला ऽऽइ तणुनामा ।।૩૫।।

ગાથાર્થ :- જે બંધાયેલા અને બંધાતા ઔદારિકાદિક પુદ્ગલોનો લાખની જેમ સંબંધ કરે તે બંધન નામ કર્મ ઔદારિકાદિ શરીરને નામે હોય છે.

ગૃહીત (પૂર્વે બાંધેલા) અને ગૃહ્યમાણ (નવાબંધાતા) પુદ્ગલને એક કરે તે બંધન નામ કર્મ.

ઔદારિકાદિક શરીરને નામે પાંચ ભેદે છે-

(૧)ઔદારિક બંધન નામ કર્મ (૨) વૈક્રિય બંધન નામ કર્મ. (૩) આહારક બંધન નામ કર્મ (૪) તૈજસ બંધન નામ કર્મ અને (૫) કાર્મણ બંધન નામ કર્મ.

## સંઘાતન નામ કર્મ

जं संघायइ उरला-ऽऽइ-पुग्गले तिणगणं व दंताली ।।
तं संघायं बंधणमिव तणु नामेण पंच विहं ।।३६।।

ગાથાર્થ :-જેમ દંતાલી ઘાસ -સમૂહ એકઠો કરે તેમ ઔદારિકાદિ પુદ્ગલોને એકઠા કરે, તે બંધનની જેમ શરીરના નામે સંઘાતન નામ કર્મ પાંચ પ્રકારે છે.

વિવિધ ભવોમાં, વિવિધ સમયે જરૂરી એવા શરીર રચનામાં અનુકુળ તે તે પુદ્ગલોના જત્થાનો સંગ્રહ કરી આપનાર કર્મ તે સંઘાતન નામ કર્મ છે. તે પાંચ શરીર પ્રમાણે પાંચ પ્રકારે છે.-

(૧) ઔદારિક સંઘાતન નામકર્મ. (૨) વૈક્રિય સંઘાતન નામકર્મ. (૩) આહારક સંઘાતન નામકર્મ. (૪) તૈજસ સંઘાતન નામ કર્મ. (૫) કાર્મણ સંઘાતન નામકર્મ.

## બંધન નામકર્મ

ओराल-विउव्वा-हारयाण, सग-तेअ कम्मजुत्ताणं ।।
नव बंधणाणि इयरदु-सहियाणं तिन्नि तेसिं च ।।३७।।

**ગાથાર્થ :-** ઔદારિક-વૈક્રિય અને આહારક ને પોતપોતાની સાથે જોડતાં તથા તૈજસ -કાર્મણની સાથે જોડતાં નવ, બીજા બે સાથે જોડતાં ત્રણ અને તે બેના ત્રણ બંધનો થાય છે.

કુલ બંધનના ૧૫ ભેદ છે. આપણે તેને સમજવાનો- જાણવાનો પ્રયત્ન કરીશું.

I **ઔદારિક-વૈક્રિય-આહારક ને પોતપોતાની તથા તૈજસ-કાર્મણ સાથે તૈજસ-કાર્મણના પોતાની સાથે ૯ બંધન થાય છે.**

(૧) ઔદારિક -ઔદારિક બંધન. (૨) ઔદારિક તૈજસ બંધન. (૩) ઔદારિક કાર્મણ બંધન. (૪) વૈક્રિય-વૈક્રિય બંધન (૫) વૈક્રિય તૈજસ બંધન. (૬) વૈક્રિય કાર્મણ બંધન (૭) આહારક -આહારક બંધન. (૮) આહરક તૈજસ બંધન (૯) આહારક-કાર્મણ બંધન.

II **ત્રણ શરીરના તૈજસ-કાર્મણ સાથે સયુકત બંધન ત્રણ થાય છે-**

(૧૦) ઔદારિક -તૈજસ -કાર્મણ બંધન. (૧૧) વૈક્રિય-તૈજસ-કાર્મણ બંધન. (૧૨) આહારક -તૈજસ -કાર્મણ બંધન.

III **તૈજસ-કાર્મણના પરસ્પર બંધન ત્રણ થાય છે-**

તૈજસ-તૈજસ બંધન (૧૪) તૈજસ કાર્મણ બંધન. અને (૧૫) કાર્મણ-કાર્મણ બંધન. એવી રીતે કુલ (૯+૩+૩=૧૫) પંદર બંધન થાય છે.

# શ્રાવક દિનચર્યા

## શ્રાવક ધન કેવી રીતે મેળવે ?

દેવાધિદેવ કે છે **"સંસાર છોડવા જેવો છે... સંયમ લેવા જેવું છે અને મોક્ષ મેળવવા જેવો છે..."**

વાત સાચી છે... પણ બધા જીવોની પાસે સંસાર છોડવા માટેનું સત્વ નથી હોતું... સાધુ બનવા જેવું છે એમ સમજ્યા છતાં જે સાધુ નથી બની શકતા એવા સંસારમાં રહેલા જીવોને સંસાર ચલાવવા ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે. સાધુ તો ગોચરી દ્વારા પોતાનો વ્યવહાર ચલાવે. પણ પરમાત્માના શાસનનો શ્રાવક કોઈની પાસે હાથ લાંબો ન કરે એ તો સ્વયં પોતાની આજીવિકા માટેની વ્યવસ્થા કરે.

દુનિયામાં આજીવિકા માટેના અનેક માર્ગ છે. અનેક સાધના છે પણ શ્રાવકને માટે આમાં યોગ્ય માર્ગ દર્શન કોણ આપી શકે ? શ્રાવક જીવન સબંધીત અનેક ધાર્મિક ગ્રંથોમાં એ માટેનું માર્ગદર્શન જોવા મળે છે. જેથી શ્રાવક પાપકારી ઘણા વ્યવસાયમાંથી સ્વયંને બચાવી શકે. પ્રથમ તો આ માટે પંદર કર્માદાનના ત્યાગની વાત બતાવી. કર્માદાનમાં મહા આરંભ- પરિગ્રહના કારણે વધારે કર્મ બંધ થાય છે તેથી પાપભીરૂ શ્રાવક માટે આચરવા યોગ્ય નથી. જે વ્યવસાય કરવાથી જીવ અત્યંત અશુભ -હાનિકારક અને નિકાચીત કર્મ ન બાંધે એવો વ્યવસાય શ્રાવકે આજીવિકાર્થે કરવો યોગ્ય છે.

શુભ માર્ગથી યોગ્ય ધનની પ્રાપ્તિ થાય તો શ્રાવકના મનના પરિણામ ધર્મને અનુકુળ બને છે.જરૂરિયાત મુજબ ધન મળવાથી આર્ત ધ્યાન થતું નથી અને જીવ સુખે ધર્મરાધના કરી શકે છે એ વાતને નજર સમક્ષ રાખી 'શ્રાદ્ધવિધિ' ગ્રંથમાં બતાવેલ વાતની આપણે વિચારણા કરીએ.

### "આજીવિકા ચલાવવાના સાત ઉપાય"

સંસારમાં રહેલ ગૃહસ્થ પોતાની આજીવિકા વિવિધ પ્રકારના સાત ઉપાયોથી ચલાવી શકે આ સાત ઉપાય છે-

**૧. વ્યાપાર-** ઘી, તેલ, કપાસ, સુતર, વસ્ત્ર, ધાતુ, ઝવેરાત વગેરે વ્યાપારના અનેક પ્રકારથી પોતાની આજીવિકા ચલાવે.

**૨. વિદ્યા-** વિદ્યા એટલે વૈદ્ય, જ્યોતિષી, પંડિત, વકીલાત, મંત્ર, તંત્ર, મહેતાગીરી વગેરે દ્વારા આજીવિકા ચલાવે.

**૩. ખેતી -** જમીન ખેડી ધાન્ય વગેરે ઉત્પન્ન કરી આજીવિકા ચલાવે.

**૪. પશુપાળ -** ગોવાળ, ભરવાડ, ઘોડાવાળા, ઉંટવાળા, વગેરે પશુના પાલન દ્વારા આજીવિકા ચલાવે.

**૫. શિલ્પ-** ચીતારા, સોનાર, છીપા, દરજી વગેરે કારીગરીનું કામ કરી આજીવિકા ચલાવે.

**૬. નોકરી -** શેઠે બતાવેલ કાર્ય કરીને આજીવિકા ચલાવે.

**૭. ભીક્ષા-** માંગીને ખાવું તે ભીક્ષા દ્વારા આજીવિકા ચલાવે.

આ સાત ઉપાયમાં વ્યાપાર શ્રેષ્ઠ છે કારણ-

**लक्ष्मी वंसति वाणिज्ये, किंचिदस्तिच कर्पणै ।**
**अस्ति नास्तिच सेवायां, भिक्षायां न कदाचन ।।**

લક્ષ્મી વ્યાપારમાં જ વસે છે (મળે છે.) થોડી થોડી ખેતીવાડીથી પણ મળે છે. નોકરી કરવાથી મળે અથવા ન પણ મળે, અને ભિક્ષાથી તો કોઇ વખત પણ લક્ષ્મીનો સંગ્રહ થઇ શકેનહિં.

વ્યાપાર કરતાં વિચારવાની સાત બાબતો -

વ્યાપારમાં સફળતામેળવવા માટે સાત વાતો લક્ષમાં રાખવી... આ સાત વાતોનો વિચાર કરીને પછી જ યોગ્ય વ્યાપાર કરવો. આ સાત બાબતો નીચે મુજબ છે.

**૧. સહાયકારક-** જેને સાથે રાખીને વ્યાપાર કરવાનો છે તે સહાયકારક કેવો વિશ્વાસુ, ગંભીર અને અનુભવી છે તેનો વિચાર કરવો.

**૨. મુડી** (દ્રવ્યની છુટ)આપણી પાસે વ્યાપારમાં રોકવા પુંજીનું (પૈસાનું) બળ કેટલું છે તે વિચારીને પગલું ભરવું.

**૩. બળ** (હિંમત) -વ્યાપાર કરવા માટે હિંમત અતિ આવશ્યક છે. હિંમત વગર મોટો વ્યાપાર ન થઇ શકે આપણી જેટલી હિંમત હોય તે પ્રમાણે જાણીને એ મર્યાદામાં વ્યાપાર કરવો.

**૪. ભાગ્યોદય-** વ્યાપારમાં ઝંપલાવનાર વ્યક્તિએ પોતાનો ભાગ્યોદય ચડતો છે કે પડતો છે તેનો વિચાર કરીને વ્યાપાર કરવો.

**૫. દેશ-** આ દેશ ક્યો છે ? રાજા કેવો છે ? અહીંના લોકો કેવી સહાયતા કરશે આ બાબતનો વિચાર કરવો.

**૬. કાળ-** ક્યા કાળમાં કઇ વસ્તુનું વેચાણ વધારે થાય... ક્યા વેપારથી વધારે લાભ થાય એની વિચારણા કરવી.

**૭. ક્ષેત્ર -** આ ક્ષેત્રની જરૂરિયાત શું છે ? આ ક્ષેત્રમાં જરૂરિયાત વાળી કઇ કઇ વસ્તુનો વ્યાપાર કરવાથી લાભ થશે એની જાણકારી મેળવીને વ્યાપાર કરવો.

## ચાર શુદ્ધિ

વ્યાપાર કરવામાં વ્યવહાર શુદ્ધિ ચાર પ્રકારની કરવી જોઇએ-

**૧. દ્રવ્યશુદ્ધિ -** જે વ્યાપારથી ધર્મ સચવાય નહીં એવું અને અપકીર્તિ થાય એવું કરીયાણું વધારે લાભ થતો હોય તો પણ પુણ્યાર્થી પ્રાણીયે લેવું નહીં. પંદર કર્માદાનના વ્યાપારનો સંપૂર્ણ ત્યાગ કરવો.

તૈયાર થયેલા વસ્ત્રોનો, સુત્રનો, નાણાનો, સોનાનો, રૂપાનો વિગેરે વ્યાપાર ઘણું કરીને નિર્દોષ હોય છે.

**૨. ક્ષેત્રશુદ્ધિ –** સ્વદેશ ગણાતા ક્ષેત્રમાં, જ્યાંના ઘણાં જણ ઓળખતા હોય, સગાં વહાલાં રહેતાં હોય, જ્યાંના વ્યાપારી સત્યમાર્ગના વ્યવસાયી હોય તેવા ક્ષેત્રમાં વ્યાપાર કરવો પણ જ્યાં પરરાજાનો, રોગ-મંદવાડનો ઉપદ્રવ હોય તેવા ક્ષેત્રમાં વ્યાપાર ન કરવો. જ્યાં પોતાનો ધર્મ સુખે સાધી શકાય અને પેદાશ સારી હોય ત્યાં વ્યાપાર કરવો.

**૩. કાળશુદ્ધિ–** કાળ થકી ત્રણ અઠ્ઠાઇમા (એક પર્વાધિરાજની તથા બે આયંબિલની), પર્વતીથીઓમાં (આઠમ-અમાસ વગેરેમાં) અને વર્ષાઋતુ વિરૂદ્ધ વ્યાપાર ન કરવા. જે કાળમાં- ત્રણે પ્રકારના ચોમાસામાં જે જે પદાર્થમાં ઘણા જીવ પડે તે પદાર્થનો વ્યાપાર ન કરવો.

**૪. ભાવશુદ્ધિ –** વ્યાપારમાં અડચણ ન આવે, પોતાની આબરૂને નુકશાન ન થાય તે માટે ભાવશુદ્ધિમાં ઘણો વિચાર કરવાનો છે. ન્યાય-વિશ્વાસ અને વચનની દૃઢતા રાખી, ધર્મને બાધ ન આવે એમ સજ્જનો સાથે વ્યાપાર કરવો. ક્ષત્રીય, યવન, રાજદરબારી, રાજા વગેરે સાથે ઘણો લાભ દેખાતો હોય તો પણ વ્યાપારમાં લાભ પ્રાયઃ થતો નથી. એમની સાથે વ્યાપાર કરતાં જોખમ હોય છે. માટે સાચવીને કામ લેવું.

## વેપારમાં ઋણ

વેપાર ધંધામાં પૈસાની લેવડ દેવડ ઘણા વિચાર પૂર્વક કરવી જેથી પાછળથી તકલીફ ન થાય. છતાં પણ ક્યારેક એવા સંજોગ નિર્માણ થાય તો આપણા ઉપર રહેલ કરજ વહેલી તકે ચુકવી દેવું. પોતાના પેટનું પણ પુરું ન થતું હોય એવા કરજદારે પોતાનું કરજ આપી દેવા માટે બીજો કોઇ ઉપાય નહીં બની શકે તો છેવટે લેણેદારને ત્યાં ચાકર તરીકે રહીને પણ ઋણમોચન કરવું. -ઋણ ચુકવવું. એમ ન કરે તો બીજા કોઇ પણ પ્રકારે લહેણદારને કરજ આપે નહીં તો, ભવાંતરમાં તેને ઘેર પુત્ર-પુત્રી-બેન-ભાણેજી, દાસ, દાસી, પાડા, ગધેડા, ખચ્ચર, ઘોડા, ગાય, ભેંસ આદિકનો અવતાર લઇને તેનું દેણું ચુકવવું પડે એમજાણીને કરજ માથે રાખીને જીવવું નહીં- મરવું પણ નહીં.

## ઉત્તમ લહેણદાર

લહેણદારને જ્યારે ખ્યાલ આવે કે આ કરજદાર પાસે બિલકુલ દેણું આપવા દ્રવ્ય રહ્યું નથી ત્યારે તેને મુકી જ દે. દરિદ્રીને ફોકટ કલેશ કે પાપવૃદ્ધિના ભાગમાં નાખવાથી બન્નેને કોઇ ફાયદો થતો નથી. ઉત્તમ લહેણદાર તો તેની પાસે જઇને કહે કે – ''ભાઇ ! જ્યારે તને મળે ત્યારે આપજે અને નહીં અપાય તો એમ જાણજે કે, મેં ધર્મ માટે આપ્યું હતું.'' એમ કહીને માંડી વાળે. પણ ઘણા સમય સુધી ઋણ સંબંધ રાખે નહીં. ઋણ સબંધ માંડી ન વાળીએ અને બન્નેમાંથી એકનું આયુષ્ય પુરું થાય તો ભવાંતરમાં વળી બન્ને જણાને વેરવૃદ્ધિ થાય.

વ્યાપારના લેણદેણમાં જો પોતાનું દ્રવ્ય પોતાની હાથે પાછુ ન ચડ્યું, તે જો સર્વથા આવી શકે એમ ન હોય તો એવો જ નિયમ કરવો કે મારું આ લહેણું ધર્મ ખાતે છે. એટલા જ માટે શ્રાવકોએ ઘણુંકરીને પોતાના સાધર્મિક ભાઇઓ સાથે જ વેપાર કરવો કેમ કે, કદાચિત તેઓની પાસે ધન રહી જાય તો પણ તેઓ ધર્મમાર્ગે વાપરે, એ પણ પોતે જ વાપર્યા જેવું ગણાય. તેથી તેને ધર્મમાર્ગે ખરચ્યું એવો આશય રાખી માંડી વાળવું. કદાચિત કોઇ મ્લેચ્છ પાસે લેહેણું રહી જતું હોય તો તે લેહેણું ધર્મ ખાતે માંડી વાળવું અને પોતાના મરણ વખતે પણ વોસરાવી દેવું. જેથી તેની પાપરાશિ તેને ન લાગે. કદાચિત તે લેહેણું ધર્મખાતે માંડી વાળ્યા પછી પણ, વોસરાવ્યા પહેલાં પાછું આવે તો તે પોતાના ઘરખર્ચમાં ન વાપરતા તે દ્રવ્ય શ્રી સંઘને સોંપી દેવું અથવા ધર્મમાર્ગે વાપરવું.

## ઋણાનુંબંધ

ભાવડ શેઠને ત્યાં પુત્રરત્નની પધરામણી થતાં પૂર્વે (ગર્ભમાં આવતાં જ) દરરોજ ખરાબ સ્વપ્ન આવવા લાગ્યા, સારા કાર્યોમાં વિઘ્ન આવવા લાગ્યા તેમજ મનમાં ખરાબ વિચારો આવા લાગ્યા. આથી શેઠ વિચારવા લાગ્યા આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારથી જ આવો દુઃખદાયી થતો જણાય છે તો જ્યારે એનો જન્મ થશે ત્યારે તે કોણ જાણે કેટલા બધાં દુઃસહ્ય દુઃખોનો આપનાર થશે ? માટે જન્મ્યા પછી આનો તો અવશ્ય ત્યાગ કરવો યોગ્ય છે. એમ વિચારી જ્યારે તેનો જન્મ થયો ત્યારે મૃત્યુયોગ હોવાથી વળી વિશેષ શંકા કરવા જેવું લાગવાથી તે જાતમાત્ર બાળકને લઇ શેઠે પોતે માલ્હણ નામની નદીને કાંઠે આવી એક સુકાઇ ગયેલા પત્રવાળા વૃક્ષની તળે તેને મુકીને ત્યાંથી પાછા વળવા લાગ્યા. તે સમયે તે બાળક કાંઇક હસીને બોલવા લાગ્યો- ''તમારી પાસે એક લાખ સોનૈયા મારા લેહણા છે તે આપી દ્યો નહીં તો અવશ્ય આપને કાંઇક અનર્થ થશે.'' આવા તેના વચન સાંભળીને શેઠે તેને પાછો પોતાને ઘેર લાવી તેનો જન્મમહોત્સવ, છઠ્ઠી જાગરણ, નામસ્થાપના, વિગેરેના મહોત્સવ કરી એક લાખ સોનૈયા પૂરા કરી દિધા, કે તેનું લેહેણું પુરું થવાથી તે ચાલતો થયો. એ પછી બીજો પુત્ર પણ એમજ જન્મ પામ્યો અને તે પણ તેનું ત્રણ લાખનું લેહેણું લઇ ચાલ્યા ગયો. ત્યાર બાદ શુભશુકનથી સૂચિત થયેલો ત્રીજો પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારે આતો જરૂર ભાગ્યશાળી નીવડશે એમ શેઠે જાણ્યું. છતાં બે પુત્રના સંબંધમાં બનેલા બનાવથી ડરી જઇ ત્રીજા પુત્રનો પણ જ્યારે ત્યાગ કરવા તે આવ્યા ત્યારે તે પુત્ર બોલ્યો- 'ઓગણીસ લાખ સોનૈયાનું તમારું મારા ઉપર કરજ છે તે આપવા માટે તમારે ઘરે હું અવતરેલો છું. તે આપ્યા સિવાય તમારા ઘરેથી હું જવાનો નથી.'' બાળકના આવાં વચનો સાંભળીને શેઠે વિચાર કર્યો કે એની જેટલી કમાણી થશે તે બધી અમારે ધર્મમાર્ગે વાપરી નાખવી. એમ ધારીને તેને પોતાને ઘેર લાવી મોટો કર્યો અને તે જાવડશાના નામથી પ્રસિદ્ધ થઇ ઘણો ભાગ્યશાળી નિવડ્યો. જાવડશા એ વિ.સં. ૧૦૮માં શ્રી શત્રુંજય તીર્થનો મોટો ઉદ્ધાર કર્યો....

આથી આપણે ઘરમાં પણ એક-બીજાના ઋણ ચુકવવા ભેગા થયા છીએ જાણીને જેનું જેવું ઋણ હોય તેવું ચુકવીને-વધારે ઋણ ન રાખીને શાંતિમય જીવન જીવવું લાભદાયક છે.

# વિરતિ પાટિકા કર્માદાન

સંસાર છે ત્યાં સંસારનો સુખે નિર્વાહ થાય એ માટે આજીવિકા આવશ્યક છે. કારણ પ્રભુનો શ્રાવક ક્યાંય હાથ પસારે નહીં. શ્રાવકે સામાન્યતાથી આરંભ એટલે જેમાં જીવોનો ઉપઘાત થાય એવા માર્ગથી સંપત્તિ કમાવવાની હોય નહીં. છતાં આરંભવિના સુખે નિર્વાહ ન થાય તો અલ્પ આરંભથી કામ ચલાવે. કર્મના વિશમ પણાથી કદાચ અલ્પ આરંભથી પણ કામ ન થાય તો જ એ કર્માદાનમાં ઉદ્યમ કરે.

ખરેખર શ્રાવક કર્માદાનનો ત્યાગી જ હોય. કારણ કર્માદાનથી કર્મોનો બહુ જ મોટો જત્થો આત્મામાં પ્રવેશે છે. કર્માદાનથી ઘણા જ જીવોના ઘાતમાં નિમિત્ત બને છે.

કર્માદાનનો સંપૂર્ણ ત્યાગ જો શક્ય ન હોય તો એની મર્યાદા અવશ્ય કરવી. અનિચ્છાએ કરવા પડતા કર્માદાનનો આગાર રાખી બીજા બધા જ કર્માદાનનો ત્યાગ કરી દેવો જરૂરી છે. આ કર્માદાનનો પણ સમય આવે ત્યાગ કરીને જીવનને નિર્મળ બનાવવા સાવધાન રહેવાનું છે.

કર્માદાન ભોગોપભોગ નથી પરંતુ આ ઉદ્યોગ દ્વારા પ્રાપ્ત કરવામાં આવતું ધન તે ભોગોપભોગનું કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને કર્માદાનને ભોગોપભોગ માનવામાં આવેલ છે.

ભવોભવમાં... અનાર્ય દેશોમાં... પૈસા કમાવવાની લાલચથી આ જીવે ઘણીવાર કર્માદાનમાં ઉદ્યમ કરેલો છે. તેથી ચાર ગતિમય સંસારમાં ઘણીવાર આ જીવે પરિભ્રમણ કરેલ છે. છતાં એનો અંત આવેલ નથી. હવે જો આ દુઃખમય સંસારમાંથી બહાર નિકળવું હોય તો આપણે સમજીને સાવદ્ય અને એમાં પણ સવિશેષ કર્મના કારણરૂપ કર્માદાનનો અવશ્ય ત્યાગ કરવાના ભાવ રાખવા જોઇએ.

આ વિશેષ પાપકર્મના બંધરૂપ કર્માદાનને સમજીને એમાંથી બહાર નિકળવા પ્રથમ આપણે કર્માદાનને એના અતિચારોને એના સેવનથી આપણા જીવનમાં લાગતા દોષોને જાણવા માટે સારો પ્રયત્ન કરીએ.

**૧. ઈંગાલ કર્મ :-** રંગના કરનાર રંગારી લોકો જે ભઠ્ઠી કરે છે તે રાંગણ, લાકડા બાળીને કોલસા કરનાર લિહાલા, સોનારનો ધંધો, કંસારાનો ધંધો, પગમાં પહેરવા માટે વીંછિયા, અંગુઠિયા કરડા પ્રમુખ બનાવનાર ઢંઢારા, દાળિયા, મમરા, ધાણી બનાવનાર ભાડ ભૂંજા, ઈંટ બનાવવા વાળા ઈંટવાહ, ઘડા માટીના વાસણ આદિ બનાવીને નિભાડામાં પકવવાવાળા કુંભાર, તે નિમાહ તાંબુ, પીતળ આદિ ધાતુને તપાવનારાદિક તથા આદિ શબ્દથી લોહાર કર્મ, બંગડીકાર, સીસકાર, કલાલ, હલવાઇ, ધોબી ભઠીયારા આદિ જેટલા અગ્નિ વડે વ્યાપાર થાય છે તે સર્વ ઈંગાલકર્મ જાણવાં એમાં ઘણાં દોષ છે કેમ કે અગ્નિ છે તે

સર્વ શસ્ત્રોમાં મુખ્ય શસ્ત્ર છે દશદિશાઓને વિષે છકાયના જીવને હણે છે.

**૨. વન કર્મ-** કણ એટલે ધાન્ય, કપાસિયાતથા બગીચાના ફૂલ, પાન એ વસ્તુનો વિક્રય કર્યો હોય, ધાન્યને દળાવવું ભરડાવવું, ખંડાવવું, કપાસિયા કાઢવાના કારખાના નાખ્યા હોય, મોટા વાંસ-લાકડા તેને કપાવ્યા હોય ફાડીને બે કટકા તથા પાટિયા કરાવ્યા હોય એ સર્વ વનકર્મ જાણવું. તથા લીલી વનસ્પતિ હરિબીજ પ્રમુખનો વ્યાપાર આજીવિકા નિમિત્તે કરવો, ખેડુતને પહેલાથી પૈસા આપી પછી ધાન્ય નીપજે ત્યારે વધારે લેવું તે પણ વનકર્મમાં જ ગણાય. એમાં વનસ્પતિના જીવ તથા તેના આશ્રિત ત્રસજીવોની અવશ્ય વિરાધના થાય માટે એ કર્મ અનાચરણીય છે.

**૩. સાડીકર્મ એટલે શકટકર્મ :-**મોટા ગાડાં, વહેલ એટલે રથની ખાતિ મોટા નાવની જાતિ તેમજ તેના અંગ એટલે ગાડાની ધરી, પહિડા વિગેરે એ સર્વ નવા બનાવીને તેનો વિક્રય કરવો તે પણ મહાહિંસાનું કારણ છે માટે અનાચરણીય છે.

**૪. ભાટકએટલે ભાડા કર્મ :-** પોઠીયાનું ભાડું, વહિત્રાં એટલે ભાર ઉપાડવાનું કર્મ, ઊંટનું ભાડું, બળદ, ગધેડા, ખચ્ચરનું ભાડું તથા ગાડાનું ભાડું કર્યું હોય તથા ઘર, દુકાન, વખાર પ્રમુખ ભાડે આપવી તથા સાર્થવાહનો વ્યાપાર, હુંડા ભાડાનો વ્યાપાર જેમાં કોઇ પોતાની ચીજ બીજાને ભાડે આપવી તેમાં બળદ, ઘોડા પ્રમુખ જીવોને તાડન કરવા પડે તથા ગાડા પ્રમુખને માર્ગમાં ચલાવતાં ત્રસાદિક જીવોની હિંસા અવશ્ય થાય માટે એ કર્મ પણ વર્જનીય છે.

**૫. ફોટિકકર્મ :-પો**તાની આજીવિકા ચલાવવાને અર્થે ફોડ કરવી એટલે પૃથ્વી વિદારવી જેમ કે હીરા- રત્નની ખાણ ખોદાવવી, પત્થર અને માટીની ખાણ ખોદાવવી તથા મુરડ એટલે ખોદતા ખોદતા માટી નિકળ્યા પછી કાચા નાના પત્થર નિકળે તે મુરડ, કરસણ એટલે ખેતી કરવી, કુવા ખણાવવા, તલાવ ખણાવવા, નીક ખોદવી, હલ ખેડવું છીદ્ર પડાવવા, ભોંયરા કરાવવા, તહખાનાં બનાવવા ઇત્યાદિ સર્વ ફોડ કર્મમાં ત્રસકાય જીવોની હિંસા થાય છે. ઘણા જીવોનો ઘાત થાય છે. માટે એ પાંચે કુકર્મ મહાહિંસામય હોવાથી ત્યાજ્ય છે.

## હવે પાંચ કુવાણિજ્ય કહે છે -

**૧. દંત-વાણિજ્ય-** આગરમાં જઇને હાથીના દાંત, ગાયના પૂછડાના ચામર, મૃગની નાભિની કસ્તુરી, ઉલૂકના નખ, પંખીના રોમ, તથા ચર્મ તે વાઘનું ચામડું, હરિણાદિ જનાવરનું ચામડું, હરિણ સાબર અને ગેંડા પ્રમુખના શિંગડા, વાઘની મૂંછના વાળ, કચકડું, કિરમજદાણા રેશમ, ઉન પ્રમુખ હોય. એ માલ જ્યારે આગરમાં લેવા માટે જાય ત્યારે ભિલ્લાદિક ક્ષુદ્ર લોકો તરત ગુંડા, મૃગ હસ્તી પ્રમુખ જીવોની હિંસા કરવામાં પ્રવૃત્તે મહા અનર્થ કરી નાંખે અને પોતાનો જીવ પણ મલીન થઇ જાય લોભને માટે કદાચ તે લોકોને એવું કહેવું પડે કે અમારા માટે સારા મહોટા દાંત આણી આપશો તો વધારે ધન પામશો, ઇત્યાદિ કહેવું પડે માટે એવી ચીજો આગરે જઇને લેવી.તે કર્માદાન છે. ત્યાજ્ય છે.

**૨. લાખ વાણિજ્ય :-** લાખ, ગલી, મણસીલ, ધાઉડી, મહુડા, કપિલા તૂરી, સાજીખાર, શાકરોડ, ટંકણ ખારાદિકનું વહોરવું, સાબુ, ભાંગ, કંદાદિકનું વહોરવું એટલે લેવું તેનો વ્યાપાર કરવો તે પણ મહાહિંસાકારી અનર્થનું મૂળ છે માટે તેને કુવાણિજ્ય કહીયે.

**૩. રસ-વાણિજ્ય :-** રસનો વેપાર તિહાં રસ તે માંસરસ તથા મધ અને અદ્યાંગ તે મદિરાના અંગ તથા મધુ તે મધ અને માખણ એ ચાર તો મહાવિગય છે તે આકરા પાપ હેતુ છે. તથા વેશણ તે તેલ, દુધ, દહીં, ધૃત, ગોળ તથા ખાંડ પ્રમુખ રસવાળી જે નરમ ચીજો છે તેનો વ્યાપાર, વિક્રય કરવો તે પણ ત્યાજ્ય છે. ચીકણા રસ વાળી ચીજોના જ્યાં વાસણ ઉઘાડાં રહે ત્યાં પણ નાના-મોટા જીવો આવી પડે એ કુવાણિજ્ય છે બહુ હિંસામય છે.

**૪. વિષ વાણિજ્ય-** વિષનો વ્યાપાર કરવો. વિષ તે સોમલ વચ્છનાગ, અફીણ પ્રમુખ, હલ તે જમીન ખેડવાનું હલ, મૂશલ, ઉખલ, કોશ, કોદાળી, દાંતાલી, કરવત, દાત્રા, તથા હથિયાર તે ધનુષ્ય, તીર, તરવાર, કટારી, બરછી, તોમર, ફરસી, કુહાડો, પ્રમુખ જાણવા તથા લોહના યંત્ર, હડતાલનો વ્યાપાર, માથાના વાળ સાફ કરવાની ફણી, દાંતિયા આદિ જાણવા. આદિ શબ્દથી નાલ, ગોલાદિક અને વિષ વસ્તુને વેચી-વેચાવી હોય પોતે વેચે બીજાની વેચાવી આપે તે સર્વ વ્યાપારને વિષ કુવાણિજ્ય કહિયે.

**૫. કેશ- વાણિજ્ય :-** દ્વિપદ એટલે દાસ-દાસી, ગુલામ પ્રમુખને આજીવિકાને અર્થે વેચાતા લઈને પરદેશમાં જઇ વેચે અને ચતુષ્પદ તે ગાય, ભેંસ, ઘોડા, હાથી, બળદ, બકરી, પાડા,તેમજ પંખી પ્રમુખનો વિક્રય કર્યો હોય. એ પાંચ કુવાણિજ્ય કહ્યાં.

## હવે પાંચ સામાન્ય કર્મ કહે છે.

**૧. યંત્રપીલન કર્મ :-** અરહટ્ટ એટલે રેંટિયો, પાવટ્ટ, કોલ્હુંઉસ પીલવાનો યંત્ર, લોઢણી, ચરખા, ઉખલ એટલે ઉખોર, ખાંડવાનું મુશલ લોટ દળવાની ઘંટી, તિલ, સરસવ, એરંડાદિક, પીલવાની ઘાણી એ પ્રકારે જેમાં પીલનકર્મ થાય છે તેવા યંત્રોને વાહ્યા વહેવરાવ્યા હોય, ચલાવ્યા હોય નવા કરી વેચ્યા હોય. તે સર્વ યંત્રીપાલન કર્મ જાણવું.

**૨. નિર્લાંછન કર્મ :-** દ્વિપદ તે બાળકના કાન-નાક વીંધાવા, પુરુષને નપુંસક કરવો અને ચતુષ્પદ તે બળદ, ઊંટ, ઘોડા પ્રમુખ જીવો તેને આંક પાડવા-પડાવવા, ડાંભ દઇ ત્રિશુલ કાઢવા પાછણા એટલે શરીરના વાળ ઉતારવા, કાન, કંબલ એટલે ગલાની નીચે જે ગાય વિગેરેને ઝુલતું ચર્મ રહે છે તે તથા મુષ્ક એટલે અંડ એ સર્વેનું છેદન કરવું અને પૃષ્ઠિગાલન એટલે શરીરના પુંઢના ભાગ ઉપર ચાર ભાર નાખી નાખી ભાઠાં પાડવા, નાસાવેધાદિક એટલે નાસિકાનું વેધવું આદિ શબ્દથી ઇજારો લઇ આકરો કર બેસાડે, ચોરધાડમાં દોડાદોડી કરાવે નિર્દયપણાથી તેના ઉપર આકરાં શસ્ત્ર ચલાવે, ઇત્યાદિક નિર્દયપણાના કર્મ પોતે કર્યા હોય પરને હાથેં કરાવ્યા હોય તે સર્વ નિર્લાંછન કર્મ જાણવા.

**૩. દાવાગ્નિદાપન કર્મ :-** આ જંગલને વનને અગ્નિથી બાળી સાફ કરશું તો પણ ખડ એટલે ઘાસ એ

અનાજ પ્રમુખની ઘણી નિષ્પત્તિ થશે એમ વિચારી પોતે ત્યાં દવ દે અથવા બીજા પાસે દેવરાવે.

**૪. શોષણ કર્મ :-** સરોવરનું જલ શોષાવી લીધું હોય તથા ઉખર ક્ષેત્ર અથવા બીડવાળી જગ્યા તેને ખેડાવી હોય, પાણીના ક્યારા ગળાવી નાખે, પોતાના ક્ષેત્રમાં પાણી આણવા માટે પાસેના દ્રહ -તલાવને ફોડાવી નખાવ્યાં હોય એ સર્વ શોષણ કર્મ કહિયે.

**૫. અસતીપોષણકર્મ :-** કૌતુકને અર્થે શ્વાન, બિલાડા, મેના, કુકડા, નપુંસક પ્રમુખને પાળે તથા ખરાબ આચારવાળા એવા દાસ દાસી પ્રમુખનું પાલન પોષણ કરવું તે સર્વ અસતી પોષણ કર્મ જાણવું.

એ કહ્યા જે કર્માદાન તેથી પણ બીજા ઘણાં પાપ જેમાં હોય એવા વ્યાપાર-વ્યવસાય કર્યા હોય. જેમ કે માછી, કસાઇ, વાઘરી, ચમાર પ્રમુખ બહુ આરંભી જીવોની સાથે વ્યાપાર કરવો, તેમને ખરચી સારૂં દ્રવ્ય વગેરે આપવું તે પણ સર્વ અસતીપોષણ કર્મ છે. એ પ્રકારના આકરા કર્મબંધના કારણ એવા જે ગુપ્તપાલનાદિક પન્નરે કર્માદાન તેમાં સ્થૂલ એટલા મોટા કર્મો ન કરવા એવો નિયમ કર્યો છે અને સૂક્ષ્મની જયણા રાખી છે. એ પન્નર અતિચાર શ્રાવકે જાણવા પણ આચરવા નહીં. એ પન્નર અતિચારમાં જેકોઇ સૂક્ષ્મ બાદર...પાપ કે દોષ લાગ્યો હોય તેનું મિચ્છામિ દુક્કડં લેવું.

## પંદર કર્માદાન સબંધી નિયમો

(૧) હું ભટ્ટીમાં લોખંડ, તાંબા, પિત્તળ વિગેરે ધાતુઓનો ધંધો નહીં કરું.
(૨) હું કોલસા બનાવવા તથા ઈંટ, નળીયા, પકાવવાનો ધંધો નહીં કરું.
(૩) હું જંગલ કાપવાનો તથા લાકડા લેવા વેચવાનો ધંધો નહીં કરું.
(૪) હું અનાજ પિસવા-કુટવાનો ધંધો નહીં કરું.
(૫) હું દાલમીલ-રાઇસમીલ વિગેરે ફેકટરીઓ ચલાવીશ નહીં.
(૬) હું વાહન બનાવવાની અને તેના સ્પેર પાર્ટસ બનાવવાની ફેકટરી નાંખીશ નહીં.
(૭) હું પેટ્રોલ-ડિઝલથી ચાલતી કોઇ પણ વાહનને વેંચવાનો ધંધો કરીશ નહીં.
(૮) હું ખેતીનો ધંધો કરીશ નહીં.
(૯) હું ખેતીમાં ઉપયોગી એવા ખાતર એવં હિંસક દવાઇઓ વેંચવાનો ધંધો નહીં કરું.
(૧૦) હું માલની હેરાફેરી માટે ટ્રાન્સપોર્ટનો ધંધો નહીં કરું.
(૧૧) હું બિલ્ડર્સનો ધંધો નહીં કરું.
(૧૨) હું ઘાસલેટ, પેટ્રોલ, ડિઝલ, ગેસ વિગેરે વેચવાનો ધંધો નહીં કરું.
(૧૩) હું તલાવ, કુઆ, બોરીંગ વિગેરે ખોદાવીશ નહીં.
(૧૪) હું પશુ-પક્ષી તથા માનવીના અવયવો વેચવાનો ધંધો નહીં કરું.
(૧૫) હું પશુ પક્ષીઓના અંગો-નાક-કાન વિગેરે છેદિશ નહીં. બીજા પાસેથી છેદાવીશ નહીં, ખસી પણ કરાવીશ નહીં.

(૧૬) હું તમાકુ, બીડી સિગારેટ, ગુટકા, માવા વિગેરે બનાવવા તથા વેચવાનો ધંધો નહીં કરું.
(૧૮) હું ચરબીવાળા સાબુ-ટૂથપેસ્ટ વિગેરેનો ધંધો નહીં કરું.
(૧૯) હું મધ, માંસ, મદિરા, માખણ વિગેરે બનાવવા કે વેચવાનો ધંધો નહીં કરું.
(૨૦) હું મટકાના આંકડા લગાડવાનો કે લોટરી કાઢવાનો ધંધો નહીં કરું.
(૨૧) હું તલવાર, બંદુક, પિસ્તોલ તમંચી, બરછી વિગેરે હિંસક શસ્ત્ર બનાવવા તથા વેચવાનો ધંધો નહીં કરું.
(૨૨) હું ઝેર અને ઝેરીલી દવાઓ બનાવવા અને વેચવાનો ધંધો નહીં કરું.
(૨૩) હું કપાસની જીન-પ્રેસ નહીં નાખું.
(૨૪) હું કપડાની મીલ નહીં નાખું.
(૨૫) હું માછલી પકડવાની જાળ વેચું નહીં. અને એવી કંપનીના શેર લઇશ નહીં.
(૨૬) હું મત્સ્ય ઉદ્યોગ કરીશ નહીં- કરાવીશ નહીં.
(૨૭) હું નદી-તળાવ-સરોવરનું પાણી યંત્રથી ખાલી કરાવીશ નહીં.
(૨૮) હું વ્યભિચારી સ્ત્રી, વેશ્યા વિગેરેનું શોષણ કરીશ નહીં.
(૨૯) હું સિનેમા થિયેટર બનાવીશ નહીં.તથા એમાં સિનેમા બનાવવાનો ધંધો નહીં કરું.
(૩૦) હું ચોમાસામાં નવું મકાન બનાવીશ નહીં. અને વેચીશ પણ નહીં.
(૩૧) હું ચોમાસામાં ઘર રંગરોગાન કરાવીશ નહીં.
(૩૨) હું સ્ટીમર, જહાજ, નાવ બનાવીશ નહીં... રાખીશ નહીં અને વેંચીશ પણ નહીં.
(૩૩) હું પોલિસ, ફોજદાર, ઇન્સ્પેકટર, ડી.એસ.પી.ની નોકરી નહીં કરું.
(૩૪) હું સિનેમા, નાટક, સર્કસમાં કામ નહીં કરું.
(૩૫) હું સિનેમામાં નટ-નટી યા અન્ય પાત્રનો અભિનય નહીં કરું.
(૩૬) હું સિનેમા, ટીવ્હી., વ્હી.ડી.ઓ., કેબલ્સ વિગેરે વચેવાનો ધંધો નહીં કરું.